**MAB-291** Seat No. ________

# B. A. (Sem. V) Examination

**October - 2022**

## Gujarati : CC-506

*(ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : અર્વાચીન-1)*

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

**સૂચના :** (1) જમણી બાજુ પ્રશ્નના ગુણ દર્શાવેલ છે.

(2) કુલ ચાર પ્રશ્નો છે. જે તમામ ફરજિયાત છે.

1 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યથી જુદા પડતા અર્વાચીન ગુજરાતી સાહિત્યના લક્ષણોની વિસ્તૃત ચર્ચા કરો. 18

**અથવા**

1 અર્વાચીન ગુજરાતી સાહિત્યના નિર્માણમાં ભાગ ભજવેલા પ્રેરક પરિબળોની વિસ્તારથી ચર્ચા કરો. 18

2 પંડિત યુગના પ્રેરક પરિબળોની ચર્ચા કરી એના સાહિત્યિક લક્ષણોને ચર્ચો. 17

**અથવા**

2 ગાંધીયુગના ઘડતર બળોની માહિતી આપી એના સાહિત્યિક લક્ષણોને સદૃષ્ટાંત ચર્ચો. 17

3 નીચે આપેલા સર્જકો પૈકી કોઈ **એક**ની સાહિત્ય સેવાને વિસ્તારથી લખો : 18

(1) નર્મદ

(2) કલાપી

(3) પન્નાલાલ પટેલ

4 નીચેનામાંથી ગમે તે **બે** વિશે ટૂંકનોંધ લખો : 17

(1) કરણઘેલો

(2) યુગવંદના

(3) રાઈનો પર્વત

(4) હિમાલયનો પ્રવાસ.

*MAB-305*

**MAB-305** Seat No. ________

# B. A. (Sem. V) Examination

**October - 2022**

**Gujarati : CC - 507**

**(ભાષા સ્વરૂપનો અભ્યાસ-૧)**

***(New Course)***

Time : **2:30** Hours] [Total Marks : **70**

**સૂચના :** જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે.

**1** ભાષાની વ્યાખ્યાઓ આપી, તેના આધારે લાક્ષણિકતાઓનો પરિચય કરાવો. **17**

**અથવા**

**1** ભાષા એટલે શું? સમજાવી, ભાષાનાં કાર્યો જણાવો. **17**

**2** ટૂંકનોંધ લખો. (ગમે તે બે) **18**

(1) ભાષાના સ્વરૂપભેદોનો પરિચય કરાવો

(2) ભાષા અને લિપિ

(3) માન્યભાષા અને બોલી

(4) ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલી

3 ભાષાની ઉચ્ચારણ પ્રક્રિયા સમજાવી, વાગ્ અવયવોનું કાર્ય સમજાવો. 17

**અથવા**

3 ભાષાના વિવિધ ઘટક અંગોનો પરિચય કરાવો. 17

4 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) 18

(1) સંયોજકો

(2) નિપાતો

(3) ગુજરાતીના અંગસાધક પ્રત્યયો

(4) ક્રિયાવિશેષણ અને તેના પ્રકારો.

---

**MAB-318** Seat No.________

# B. A. (Sem. V) Examination

**October - 2022**

**Gujarati : CC - 508**

***(સાહિત્ય સિદ્ધાંત વિચાર-૧)***

***(New Course)***

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે.

**1** કલાની વ્યાખ્યા આપી, લલિત અને લલિતેતર કલાઓ વચ્ચેનો ભેદ સમજાવી સાહિત્ય કલાની શ્રેષ્ઠતા ચર્ચો. **18**

**અથવા**

**1** વ્યવહારની ભાષા અને સાહિત્ય ભાષાની વિગતે ચર્ચા કરો. **18**

**2** પ્રાચીન ભારતીય દૃષ્ટિએ અને અર્વાચીન દૃષ્ટિએ કાવ્યનાં પ્રયોજનો ચર્ચીને શ્રેષ્ઠ પ્રયોજન ચર્ચો. **17**

**અથવા**

**2** શબ્દ શક્તિ સમજાવી લક્ષણા શક્તિનાં ભેદ-પ્રભેદ વિગતે સમજાવો. **17**

3 પ્લેટો, એરિસ્ટોટલ અને ભામહે આપેલી કાવ્યની વ્યાખ્યાઓ ચર્ચો. 18

**અથવા**

3 કાવ્યનાં પ્રકારોની ચર્ચા ઉદાહરણ સાથે કરો. 18

4 નીચેનામાંથી કોઈપણ **બે** ટૂંકનોંધ લખો. 17

(1) સાહિત્યમાં પરંપરા અને પ્રયોગ

(2) અનુભૂતિનું સાહિત્યમાં રૂપાંતર

(3) સૌષ્ઠવપ્રિય અને કૌતુકપ્રિય વલણો

(4) સાધારણીકરણ

---

**MAB-335-336** Seat No.________

# B. A. (Sem. V) Examination

**October - 2022**

## Gujarati : CC - 509

**(1) ગુજરાતી સાહિત્યસ્વરૂપનો અભ્યાસ : પદ્ય 'કરુણપ્રશસ્તિ'**

**(New Course) (Option-1)**

**(2) સાહિત્ય સ્વરૂપનો અભ્યાસ : ખંડકાવ્ય (પદ્ય)**

***(New Course)* (Option-2)**

Time : **2:30** Hours] [Total Marks : **70**

**(1) ગુજરાતી સાહિત્યસ્વરૂપનો અભ્યાસ : પદ્ય 'કરુણપ્રશસ્તિ'**
**(New Course) (Option-1)**

**સૂચના :** (1) જમણી બાજુ ગુણ દર્શાવેલા છે.
(2) ચાર પ્રશ્નો છે, જે ફરજિયાત છે.

**1** કરુણપ્રશસ્તિ કાવ્યસ્વરૂપની લાક્ષણિકતાઓ વિસ્તારથી ચર્ચો. **18**

**અથવા**

બંને ટૂંકનોંધ લખો : **18**

(1) કરુણપ્રશસ્તિ અને વિરહકાવ્ય વચ્ચેના ભેદો-પ્રભેદો

(2) કરુણપ્રશસ્તિ અને તર્પણકાવ્ય વચ્ચેના ભેદો-પ્રભેદો

**2** ગુજરાતી સાહિત્યમાં કરુણપ્રશસ્તિ કાવ્યસ્વરૂપના ઉદ્ભવની ચર્ચા કરી એની વિકાસરેખા આલેખો. **17**

**અથવા**

નીચે આપેલા બે કવિઓના કરુણપ્રશસ્તિ કાવ્યક્ષેત્રના પ્રદાનને વિસ્તારથી ચર્ચો. 17

(1) ન્હાનાલાલ

(2) હીરાબેન પાઠક

3 'ફાર્બસવિરહ'ને કરુણપ્રશસ્તિ કાવ્ય તરીકે મૂલ્યાંકન કરો. 18

**અથવા**

કરુણપ્રશસ્તિ કાવ્યસ્વરૂપનાં લક્ષણોને ધ્યાનમાં રાખી 'સ્મરણસંહિતા'નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. 18

4 નીચેનામાંથી ગમે તે બે વિશે ટૂંકનોંધ લખો. 17

(1) 'ફાર્બસ વિરહ' કાવ્યમાં પ્રગટતું ફાર્બસનું વ્યક્તિત્વ

(2) ગુજરાતી સાહિત્યમાં 'ફાર્બસ વિરહ'નું સ્થાન અને માન

(3) 'સ્મરણસંહિતા'માં પ્રકૃતિનું યથાર્થ વર્ણન

(4) 'સ્મરણસંહિતા'માં સર્જકનું ચિંતન અને મનન

## (2) સાહિત્ય સ્વરૂપનો અભ્યાસ : ખંડકાવ્ય (પદ્ય)

*(New Course)* **(Option-2)**

**સૂચના :** (1) જમણી બાજુ પ્રશ્નના ગુણ દર્શાવેલા છે.

(2) કુલ ચાર પ્રશ્નો છે. જે ફરજિયાત છે.

1 ખંડકાવ્ય સ્વરૂપનાં લક્ષણોની વિસ્તૃત ચર્ચા કરો. 17

**અથવા**

1 મુખ્ય-મુખ્ય સર્જકોનું પ્રદાન મૂલવી ખંડકાવ્ય સ્વરૂપનો ઉદ્‌ભવ અને વિકાસ આલેખો. 17

2 નીચેનામાંથી ગમે તે બે વિશે વિવેચનાત્મક નોંધ લખો. 18

(1) ખંડકાવ્યમાં વસ્તુ

(2) ખંડકાવ્યમાં લાગણીની પ્રબળતા

(3) ખંડકાવ્ય અને મહાકાવ્ય વચ્ચે સામ્ય-વૈષમ્ય

(4) 'ગ્રામ્યમાતા' ખંડકાવ્યનો મધ્યવર્તી વિચાર

3 ખંડકાવ્ય સ્વરૂપનાં લક્ષણોને ધ્યાનમાં રાખી નીચેનામાંથી ગમે તે એક ખંડકાવ્યનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. 17

(1) 'એભલવાળો'

(2) 'ચક્રવાકમિથુન'

4 નીચેનામાંથી ગમે તે બે વિશે ટૂંકનોંધ લખો. 18

(1) 'છેલ્લી પૂજા' ખંડકાવ્યમાં છંદ વૈવિધ્ય

(2) 'બાહુક' ખંડકાવ્યમાં રસ

(3) 'શિખંડી' ખંડકાવ્યમાં ભાવસંક્રમણ

(4) 'વસંત વિજય' ખંડકાવ્યમાં પ્રકૃતિનિરૂપણ

---

MAB-356-357 Seat No. ________

# B. A. (Sem. V) Examination

## October - 2022

## CC - 510 : Gujarati

### (1) સમીક્ષા અને અપઠિત (Option-1)

(New Course)

### (2) સાહિત્યિક નિબંધો અને કૃતિ સમીક્ષા

(New Course) (Option-II)

Time : 2.30 Hours] [Total Marks : 70

### (1) સમીક્ષા અને અપઠિત (Option-1)

(New Course)

**સૂચના :** જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે.

1 નીચે આપેલા ગદ્યખંડનો મધ્યવર્તી વિચાર તારવી તેનો સંક્ષેપ કરો. **18**

સાહિત્યની કળા શબ્દ અને અર્થનું સહિતપણું જામે ત્યારે અસ્તિત્વમાં આવે છે. સાહિત્ય આદિ લલિત કળાઓ બાહ્યાકાર અને અંતરંગ વસ્તુના સાહિત્યમાંથી - સાથે પણામાંથી જન્મે છે એટલું જ નહીં, એક બીજું પણ સાહિત્ય રચાય છે ત્યારે તે ચરિતાર્થ થાય છે. આરસ કે જસતની મૂર્તિ- તે તે જડ પદાર્થ એ કળા નથી. એ કળા તો ત્યારે બને છે જ્યારે ભાવકના ચિત્તમાં એ સૌંદર્યાનુભવ રૂપે પ્રતિત થાય છે. આમ, સર્જક અને ભાવકના ચિત્તનું સાહિત્ય - સહિતપણું રચીને કૃતિ કળા તરીકે પ્રતિષ્ઠા પામે છે, બલકે તે તે કચળાકૃતિનો આસ્વાદ લેનારા તમામ ભાવકોનું પણ, દેશકાળને લીધે તેઓ એક મેકથી અળગા

પડી ગયેલા હોય તે છતાં, એક જાતનું સાહિત્ય - સાથે પણું રચાય છે. શું કળાઓ સાહિત્યધર્મી છે. સાહિત્યકળા - કળામાત્ર - ચિત્તોની મિલનભૂમિ છે. મનુષ્યની બીજી સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓનો ઉપયોગ માણસોની માણસોને જુદા પાડવામાં થતો હશે - 'ભાષા'નો પણ એવો ઉપયોગ થઈ શકે છે એ તો આપણા સમયમાં આપણે જોઈએ છીએ, પણ સાહિત્યને માણસોના ભાગલા પાડવામાં યોજી શકાતું નથી. બીજા જેને વિભાજનો કરવા હોય તે કરે, સાહિત્યકારો સંયોજન કરવામાં જ રચ્યાપચ્યા રહે છે. રાજકારણી માણસો ક્યારેક તે તે પ્રજાની 'ભાષા'ની મદદથી વિભાજનની કામ કરતા જોવા મળે છે, જ્યારે સાહિત્યકારો ભાષાને એક બૃહદ અને સંગીન સંયોજનના કામમાં પ્રયોજે છે, કેમ કે સાહિત્ય એટલે જ એકતા - Unity.

- ઉમાશંકર જોશી.

**અથવા**

1 નીચે આપેલા ગદ્યખંડનો મધ્યવર્તી વિચાર તારવી તેનો સંક્ષેપ કરો. **18**

સાચી મૈત્રી આશીર્વાદ રૂપ છે. સાચો મિત્ર આપણો હંમેશનો સાથીદાર છે. આપણા સુખ-દુઃખમાં તે ભાગીદાર બને છે. આપણને તે સાચા રસ્તે દોરે છે. આપણી સારી વસ્તુઓને કે આપણા ગુણોને તે વખાણે છે અને આપણી અવળી બાજુનો નિર્દેશ કરી આપણને તેનાથી દૂર થવા શિખામણ આપે છે. આપણને અવળે રસ્તે જતા અટકાવે છે. વિકટ પ્રશ્નોમાં તે આપણને સાચી અને યોગ્ય સલાહ આપે છે. આપણા જીવનમાં તે ઓતપ્રોત થઈ જાય છે અને એ રીતે સાચો મિત્ર એક વિશુદ્ધ અરીસાનું કામ કરે છે, આપણું સાચું પ્રતિબિંબ તે પાડે છે. તદ્‌ઉપરાંત જો પ્રતિબિંબ વિકૃત હોય તો તેને સુંદર બનાવવા તે મથે છે. મૈત્રીમાં સ્વાર્થ ભાવના ન હોય. સાચા મિત્ર પાસેથી કંઈ પણ લેવાની વૃત્તિ હરગીઝ ન હોવી જોઈએ. બલ્કે પાસે હોય તે આપવાની વૃત્તિ હોવી જોઈએ. ત્યાગ ભાવના વિનાની મૈત્રી લાંબો સમય ટકતી નથી.

2 નીચે આપેલ કાવ્ય પંક્તિ અને ગદ્યકંડિકા માંથી કોઈપણ બેનું નિબંધાત્મક વિવરણ કરો. 17

(1) 'કવિતા આત્માની અમર કલા છે.'

(2) 'સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી;'

(3) 'છે માનવી જીવનની ઘટમાળ એવી, દુઃખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી.'

(4) 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને.'

3 નીચેના કાવ્યની રસલક્ષી સમીક્ષા કરાવો. 18

ટચલી આંગલડી નો નખ
લટમાં પરોવી હું તો બેઠી સજન!
મુને એકવાર કાગળ તો લખઃ
કૂંપળ ગોતુ ને જડે ઝાકળનું ઝૂમખું,
વ્હાલમજી બોલ, એવા અંજળનું નામ શું?
ચૂમી ચૂમીને કરી એંઠી, સજન!
હવે લૂછી દે પાપણનાં દખ.
છાતીમાં સૂનમૂન પાળ્યાં પારેવડાં,
પાતળિયા પૂછ, એના પડછાયા કેવડા?
છાલક ના જાય જરી વેઠી, સજન!
મને ધોળી દે ઘૂઘવતા વખ.
- વિનોદ જોશી.

**અથવા**

3 નીચે કાવ્યની રસલક્ષી સમીક્ષા કરાવો. 18

તમે પહેલાં વ્હેલો મુજ સમય મોંઘો બની અહીં,
વહી આવ્યા ત્યારે જડ પથર હું ઊંબર હતો;
પડેલો દ્વારેઃ ત્યાં કુસુમ સરખા કંકુ પગલાં

અડ્યા; જાગી ઊઠ્યો તરત થઈને મોર કલગી,
જઈ બેઠો સાખે; પછી નિરખું તો તોરણ તમે,
રહ્યો મ્હેકી.... પાછો હું સરકી જઈ કુંજર સમ
થયો પાણિયારું... ઉત્તરણ બની તામ્રવરણી,
ઉગી મ્હોરી ઉઠ્યાં ઝગુમગુ થઈ ચોક ટહુક્યો...
વલોણું, સાંબેલુ, જસલભર બેડું વણગણી
તવી, ચૂલો, ઘંટી, વળી દહીંની દોણી, નિસરણી-
બધાંની વચ્ચે તું ઉજળું ઉજળું છાપરું થઈ
ઠરે એ પહેલાં તો ઉતરી ગઈ લુખા લીંપણમાં.
હવે તું લોહીમાં હલચલી પછી લિસ્સુ સરતી
ચિતા બે આંખોની નિત સળગી ચિત્કાર ભરતી.

4 નીચે આપેલ રૂઢિપ્રયોગો અને કહેવતોનો અર્થ આપી, વિગતે સમજાવો. 8

(અ) નીચેનામાંથી કોઈપણ ચાર રૂઢિપ્રયોગના અર્થ આપી, તે અર્થ સાર્થક થાય તે પ્રકારનું વિધાન બનાવો.

(1) અડ્ડો જમાવવો

(2) આબરૂનું લીલામ થવું

(3) ઉચાળા ભરવા

(4) કાંડા કાપી આપવા

(5) ચીનનો શાહુકાર

(6) જળ મૂકવું

(7) હાડ હાડ કરવું

(8) પૃથ્વી રસાતાળ જવી.

(બ) નીચેનામાંથી કોઈપણ ત્રણ કહેવતોનો અર્થ આપી, તે અર્થને સાર્થક વાક્ય પ્રયોગ કરો. 9

(1) એક સાંધીએ ત્યાં તેર તૂટે.

(2) દોરડી બળે પણ વળ ન છોડે.

(3) પારકી મા જ કાન વીંધે.

(4) વગ કરે પગ.

(5) એક પંથ દો કાજ.

(6) શેઠની શિખામણ ઝાંપા સુધી.